જીગર Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 15 DATE: 01- 11 -2025 (વિક્રમ સંવત ૨૦૮૨ કારતક સુદ અગિયારસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભવ્ય એકતા પરેડ, એરફોર્સે આકાશી સેલ્યુટ આપ્યું



રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય પ્રવાસે કેવડિયા (એકતાનગર) ખાતે ઉપસ્થિત છે. આજે પ્રવાસના બીજા દિવસે, વડાપ્રધાન મોદી એકતા પરેડ શો યોજાયો હતો. જેમાં રાજ્યની વિવિધ પોલીસ દળ, બીએસએફ, એનડીઆરએફ, આર્મી ડૉગ સહિત એનસીસી દ્વારા એકતા પથ પર પોતાના શૌર્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સિવાય રાજ્યોના વિવિધ ટેબ્લો દ્વારા પોતાના પ્રદેશની વિશેષતાની ઝાંખી દર્શાવાઈ હતી. વિવિધ રાજ્યોના નૃત્ય અને બાઈક સ્ટંટ તેમજ ડૉગ સ્ટંટ દ્વારા શાનદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અંતે વાયુસેના દ્વારા લોહપુરૂષ સરદાર પટેલને આકાશી સલામી આપી પરેટનું સમાપન કરાયું હતું. સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે આયોજિત એકતા પરેડની સમાપ્તિ લોહપુરૂષ સરદાર પટેલના ભાષણ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સ્વતંત્રતા બાદ સરદાર પટેલ દ્વારા દેશના સંબોધનનો જૂનો ઓડિયો રજૂ કરાયો હતો. એકતા દિવસ નિમિત્તે ભારતીય વાયુસેના દ્વારા લોહપુરૂષ સરદાર પટેલને અનોખું આકાશી સેલ્યુટ આપવામાં આવ્યું .એનએસડી, એનડીઆરએફ, અંદમાન-નિકોબાર દ્વિપ સમૂહનો ટેબ્લો, છત્તીસગઢની બસ્તરની ઝાંખી કરવાતો, ગુજરાતના લોહપુરૂષ સરદાર પટેલ મહારાજા કૃષ્ણકુમાર સિંહજી સાથેનો ટેબ્લો, જમ્મુ-કાશ્મીરની પ્રતિષ્ઠા અને સૌંદર્ય દર્શાવતો ટેબ્લો, મહારાષ્ટ્રના ટેબ્લોમાં છત્રપતિ શિવાજીની શાનદાર પ્રતમા સાથે રાજ્યનું વૈભવ દર્શાવાયું, મણિપુરના પ્રાકૃતિક સૌંદર્ય દર્શાવતો ટેબ્લો, પૂંડચેરીની એક ભારત-શ્રેષ્ઠ ભારતને પ્રદર્શિત કરતો ટેબ્લો, ઉત્તરાખંડનો કેદારનાથ મંદિર અને રાજયના વિકાસને દર્શાવતો ટેબ્લો રજૂ કરાયો.આસામ પોલીસ દ્વારા બાઈક પર સ્ટંટ દ્વારા રાજયની વીરતાનું પ્રદર્શન કરવામાં આવ્યું. એકતા પરેડમાં બીએસએફ અને ગુજરાત પોલીસ દ્વારા સંયુક્ત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ખાસ બેન્ડ અને રાયફલ સાથે ગુજરાત પોલીસ અને બીએસએફની ટીમે સંયુક્ત રીતે એકતા પથ પર પોતાનું શાનદાર પ્રદર્શન આપી શૌર્યની નવી પરિભાષા વ્યક્ત કરી હતી. મહિલાઓ દ્વારા કરવામાં આવેલા આ પ્રદર્શનમાં નારી શક્તિનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.એકતા પથ પર રાજ્યની દરેક પોલીસ પોતાના મંત્ર સાથે રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા એકતા પરેડમાં જોડાઈ છે. આ સિવાય બીએસએફ, એનસીસી અને ખાસ સૈન્ય ડૉગ પણ આ પરેડમાં જોડાયા હતા. ઓપરેશન સિંદૂરના બીએસએફના ૧૬ પદક વિજેતા અને સીઆરપીએફના પાંચ શૌર્ય ચક્ર વિજેતા જવાનો પણ ખુલ્લી જીપ્સીમાં આ પરેડમાં જોડાયા.ગુજરાતની બે શાળા દ્વારા એકતા નગરમાં વંદે માતરમના સૂર રેલાવામાં આવ્યા. જેમાં ઢોલ, નગારા અને કરતાલ જેવા અનેક પ્રાચીન વાંજિત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વંદે માતરમથી આખું એકતા નગર ગૂંજી ઉઠ્યું.એકતાનગર ખાતે આજે પ્રજાસત્તાક દિવસની જેમ જ એક વિશિષ્ટ મુવિંગ પરેડનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરેડ શરૂ થઈ ચુકી છે. જેમાં કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે, જેમાં બીએસએફ, સીઆઈએસએફ, આઈટીબીપી, સીઆરપીએફ, એસએસબી, તેમજ જમ્મુ-કાશ્મીર, પંજાબ, આસામ, કેરળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિતના રાજ્યોની ટુકડીઓ સામેલ છે.સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્ટેચ્યૂ ઑફ યુનિટી પહોંચી ગયા છે. જ્યાં તેમણે સરદાર પટેલની પ્રતિમાના ચરણોમાં પુષ્પ અર્પણ કરી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિના અવસર પર ગુજરાત પહોંચ્યા છે. નર્મદા જિલ્લામાં એકતા નગરની નજીક સરદાર પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી રાષ્ટ્રીય એકતા દિવસ પરેડનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમને સંબોધિત કરતાં તેમણે કહ્યું કે, કોંગ્રેસને અંગ્રેજો પાસેથી ગુલામીની માનસિકતા વારસામાં મળી છે. સરદાર પટેલ કાશ્મીરને ભારત સાથે જોડવા માગતા હતાં. પરંતુ તે સમયના તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ તેમ થવા દીધુ નહીં. કોંગ્રેસના લીધે કાશ્મીર દાયકાઓ સુધી સળગતું રહ્યું.પીએમ મોદીએ આગળ કહ્યું કે, કોંગ્રેસે કાશ્મીરમાં જે ભૂલ કરી, તેની આગ દાયકા સુધી ભભૂકી રહી છે. કોંગ્રેસની નબળી નીતિઓના કારણે કાશ્મીરનો એક હિસ્સો પાકિસ્તાનમાં જતો રહ્યો, પાકિસ્તાને ત્યાંથી આતંકવાદને હવા આપી, કાશ્મીર અને દેશને તેની મોટી કિંમત ચૂકવવી પડી પરંતુ કોંગ્રેસ હંમેશા આતંકવાદની આગળ નતમસ્તક રહ્યું છે.પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, આપણા દેશની એકતા અને આંતરિક સુરક્ષા ઘુસણખોરોના કારણે જોખમનો સામનો કરી રહી છે. દાયકાઓથી વિદેશી ઘુસણખોરો આપણા દેશમાં ઘૂસી રહ્યા છે અને સંસાધનોનો વ્યય કરી રહ્યા છે. જેના લીધે જનવસ્તીનું સંતુલન ખોરવાયુ છે. દુર્ભાગ્યવશ પાછલી સરકારોએ આ ગંભીર સમસ્યાને અવગણતાં આંખ આડા કાન કર્યા છે. તેઓ વોટ બેક્રની રાજનીતિ માટે રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મુકે છે. પ્રથમ વખત દેશે આ પડકારનો સીધો સામનો કર્યો અને અખંડિતતાની રક્ષા માટે દ્રઢ અને નિર્ણાયક વલણ અપનાવ્યું છે.એકતા નગરમાં ૧થી ૧૫ નવેમ્બર સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં ભારત પર્વ ૨૦૨૫નું આયોજન કરવામાં આવશે. જેમાં ભારતના સમુદ્ધ વારસો અને વિવિધતામાં એકતાની ભાવનાને પ્રદર્શિત કરવામાં આવશે. ડેમ વ્યૂ પોઈન્ટ -૧ પર દરરોજે સાંજે બે રાજ્ય પોતાની સાંસ્કૃતિક વિશેષતાની ઝાંખી દર્શાવતાં કાર્યક્રમ રજૂ કરશે.

વડાપ્રધાને કહ્યું કે, લોખંડી પુરૂષ સરદારનો આ દેશ છે. અમે વૈચારિક લડાઈ પણ જીતી છે અને નક્સલવાદીઓના ઘરમાં જઈને તેમને માર્યા છે. તેનું પરિણામ દેશ સામે છે. ૨૦૧૪ પહેલાં દેશના આશરે ૧૨૫ જિલ્લા માઓવાદી આતંકવાદની ઝપેટમાં હતાં. આજે આ સંખ્યા ઘટી ૧૧ થઈ છે. જેમાં હજી પણ ત્રણ જિલ્લા નક્સલવાદનો ગંભીર સામનો કરી રહ્યા છે. હું દેશને વિશ્વાસ આપુ છું કે, જ્યાં સુધી દેશ નક્સલવાદ, માઓવાદ અને આતંકવાદથી સંપૂર્ણપણે મુક્ત નહીં થાય, ત્યાં સુધી અમે અટકીશું નહીં.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant (2) Ethanol Consultant (3) Poison Licence (4) Sulphur Licence (5) Chlorate Licence
(6) Explosive Licence (7) PESO Licence (8) Solvent Consultant (9) MSME Registration (10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
GMP REACTOR
STORAGE VESSELS & TANKS
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 98241 10687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
• Graphite Heat Exchanger
• Graphite Condenser
• Graphite Reboiler
• Graphite Falling Film Absorber
• Graphite Ejector
• Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

STAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
• All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
• Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
• PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
• All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

# ભરૂચ હાઈવે પર ખેતરમાં ટેન્કરમાંથી કેમિકલ વેસ્ટ ઠાલવતો એક શખ્સ ઝબ્બેઃ સૂત્રધાર વૉન્ટેડ

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, અંકલેશ્વરના જીઆઈડીસીમાં પાનોલી ખાતે આવેલી રાજલક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝમાંથી એસિડીક કેમિકલ વેસ્ટ પ્રવાહી ભરીને નીકળેલાં એક ટેન્કર ચાલકે ભરૂચ નેશનલ હાઈવે નંબર ૪૮ પર ભરૂચથી વડોદરા જતા રોડ પર શીવકૃપા ભારત પેટ્રોલિયમના પંપની સામેની બાજુમાં જાહેર રોડ તેમજ ખેતરની વચ્ચે ઝરામાં ગેરકાયદે ખાલી કરવાના છે. ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતાં તે તેના ટેક્કરમાંથીકેમિકલ વેસ્ટ પ્રવાહી જાહેરમાં રોડ અને ખેતરની વચ્ચે આવેલાં ઝરામાં ગેરકાયદે ખાલી કરતો હોવાનું માલુમ પડયું હતું. તેમણે શખ્સની પુછપરછ કરતાં તેણે કબુલ્યું હતું કે, તેનું નામ ગોકુળ ભગીરથ નાયક (રહે. ઉર્જ્જૈન, એમપી) છે. ખરોડ ખાતે રહેતાં તેના ટેન્કરમાલિક સકીલ ખાનના કહેવાથી પાનોલી રાજલક્ષ્મી ઈન્ડસ્ટ્રી નામની કંપનીમાંથી એસિડીક કેમિકલ વેસ્ટ પ્રવાહી ટેક્કરમાં ભર્યું હતુ. ટીમે તેની ૧૮ હજાર કેમિકલ વેસ્ટ પ્રવાહી ભરેલું ટેન્કર મળી કુલ ૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઘટનાને પગલે ટીમે ટેક્કર ચાલક ગોકુળ નાયક તેમજ તેના માલિક સકીલ ખાન અને રાજલક્ષ્મી ઈન્ડસ્ટ્રીમાંથી કેમિકલ વેસ્ટ ભરી આપનારાઓ સામે નબીપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબીની ટીમે સ્થળ પર ટેન્કરમાંથી કેમિકલ વેસ્ટ પ્રવાહી ઠાલવનારા ચાલકને ઝડપી પાડયા બાદ સ્થળ પર કેમિલક વેસ્ટ પ્રવાહી ઠાલવવામાં આવ્યું હોવાથી તે કયાં પ્રકારનો કેમિકલ વેસ્ટ છે તે સહિતની વિગતો મેળવવા FSLની ટીમ બોલાવવામાં આવી હતી. ટીમે સથળ પરથી સેમ્પલો મેળવી તેને પૃથ્થકરણ માટે મોકલી આપ્યું હતું.

ઝડપાયેલા ટેન્કર ચાલક જે કંપનીમાંથી કેમિકલ વેસ્ટ લાવ્યાં હતાં. તે રાજલક્ષ્મી ઈન્ડસ્ટ્રી કંપનીના સંલગ્ન અધિકારીઓ કર્મચારીઓએ કેમિકલ વેસ્ટ પ્રવાહીનો આ પ્રકારે જાહેરમાં નિકાલ ન કરી શકાય અને તેનો યોગ્ય ટ્રીટમેન્ટ કર્યા બાદ જ નિકાલ કરી શકાય તે જાણતાં હોવા છતાં ગેરકાયદે રીતે તેમણે કૃત્ય આચર્યું હોઈ તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

## અંકલેશ્વર નજીક હાઈવે પર શંકાસ્પદ કેમિકલ ભરેલું ટેન્કર ઝડપાયું

અંકલેશ્વર ૩૦ ઓક્ટોબર : અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે પર આવેલી સિલ્વર સેવન હોટલ પાછળથી શંકાસ્પદ કેમિકલ ભરેલું ટેન્કર ભરૂચ એલસીબીની ટીમે ઝડપી પાડયુ હતુ.

ટેન્કર મહારાષ્ટ્રથી વેસ્ટ કેમિકલ, લઈ સુરત પાંડેસરા જીઆઇડીસી ખાતે પહોંચવાનું હતું પરંતુ તે અંકલેશ્વર ખાતે ખોટી બિલ્ટી આધારે વેચાણ માટે રોકાયો હોવાની માહિતી એલસીબીને મળી હતી.

પોલીસે દરોડો પાડી ટેક્કર સાથે ચાલક શૈલેષ લાલ બિહારી યાદવ ની ધરપકડ કરી હતી. ટેન્કરમાંથી ૨૩,૭૧૦ લીટર જેટલુ શંકાસ્પદ કેમિકલ મળી આવ્યુ હતુ.જેની અંદાજીત રૂપિયા ૩.૪૪ લાખ થાય છે. ટેન્કર સહિત કુલ રૂપિયા ૨૩.૪૪ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.પ્રાથમિક તપાસમાં એસિડિક એસિડ સમાન પદાર્થ હોવાની આશંકા વ્યક્ત થઈ છે. જો કે જીપીસીબી અને એફ.એસ.એલ.ની ટીમોએ નમૂના લઈ તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં વધુમાં જાણવા મળ્યુ છે કે ખોટા ઈન્વોઇસ બનાવી રિકવરી સ્પેન્ટ એસિડ બતાવી વેચાણ કરવાની તૈયારી ચાલી રહી હતી.


હાલ એલસીબી દ્વારા ગુનો નોંધાઈ વધુ તપાસ શરૂ કરી છે. જેમાં જોખમી કેમિકલ વેસ્ટના બિનઅધિકૃત વેચાણમાં કોણ કોણ સામેલ છે તે દિશામાં તપાસ હાથ ધરી રહી છે.

## પાનોલીની GRP કંપનીમાં કામદારનું રહસ્યમય સંજોગોમાં મોત

અંકલેશ્વરની પાનોલી જીઆઈ ડીસીમાં આવેલી જીઆરપી લિમિટેડ કંપનીમાં ઉમરવાડા ગામના એક કામદારનું મોત થતા ઉગ્ર પરિસ્થિતિ સર્જાઈ હતી. મૃતકના પરિજનોએ હોસ્પિટલ ખાતે હલ્લો બોલાવી પેનલ પીએમ કરાવવાની માંગ કરી હતી.

અંકલેશ્વરના ઉમરવાડા ગામના રહીશ મનહર મેલા વસાવા પાનોલીની જીઆરપી લિમિટેડ કંપનીમાં કામ કરતા હતા. ફરજ દરમ્યાન અચાનક બેસુધ્ધ થઈ જતા તેમને સારવાર માટે અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.ઘટનાની જાણ થતા ઉમરવાડા ગામના રહીશો અને પરિવારજનો હોસ્પિટલ પહોંચ્યા હતા.અહીં કંપનીના સત્તાધીશો અને ગ્રામજનો વચ્ચે ચકમકની પરિસ્થિતિ સર્જાઈ હતી. પરિવારજનોનો સ્પષ્ટ માંગ કરી હતી કે કંપની તરફફથી લેખિત બાહેધરી મળ્યા વગર તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. બનાવ અંગેનીજાણ થતા સ્થળ પર પાનોલી પોલીસ પહોંચી બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરી સ્થિતિ કાબૂમાં લેવાના પ્રયત્નો આદર્યા હતા.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ શરૂ કરી છે.












# દહેજ વિસ્તારની ઈન્ડસ્ટ્રીઝના ૧૫૦થી વધારે કર્મીને ઈન્ડસ્ટ્રીઅલ સેફટી વિભાગના માર્ગદર્શન હેઠળ અગ્નિશમનની તાલીમ આપવામાં આવી

દેશના સૌથી વધુ ઝડપથી વિકસતા વિસ્તારોમાં એક દહેજ PCPIR છે. તેમાં ખાસ કરીને કેમિકલ અને પેટ્રો કેમિકલ કંપનીઓ આવેલી છે. જ્યાં આગના બનાવો બનાવની સંભાવના સૌથી વધુ હોય છે. જેમાં અગમચેતી રાખવાઈ ખુબ જરૂરી હોય છે. ફેક્ટરીમાં ટ્રેનિંગના અભાવે તેમજ અજ્ઞાનતા વશ અનેક પ્રકારની આગ તેમજ અકસ્માતના બનાવો બનતા હોય છે. આવા સમયે કામદારોને અકસ્માત, આગ, સુરક્ષા અને સલામતી તેમજ કોઈપણ જાતના ડિઝાસ્ટરને પહોંચી વળવા માટે તાલીમ આપવી ખુબ જ જરૂરી છે. દહેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંકુલમાં ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગના તેમજ હેલ્થ સેફટી એન્ડ એન્વાયરમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સયુંકત ઉપક્રમે મેગા ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે દહેજ વિસ્તારની વિવિધ કંપનીઓના ૧૫૦ જેટલા કામદારોએ તાલીમમાં ભાગ લીધો હતો. ઈન્ડસ્ટ્રીઝના નિષ્ણાંત તજજ્ઞોએ બેસીક ટ્રેનિંગ ઓન, ફર્સ્ટ એડ, ફાયર-સેફટી એન્ડ સિક્યુરિટી વિષય પર



પ્રેકટીકલ તેમજ થીયેરી ટ્રેનિંગ આપવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી સમગ્ર ભરૂચ જિલ્લામાં આગ તેમજ અકસ્માતોની દુઘર્ટના ઘટાડવા માટે ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર ડી.બી.ગામીતે ઉદ્યોગોને ટ્રેનિંગ આપવાની મુહીમ શરૂ કરવામાં આવી છે.

# અંકલેશ્વરમાં હવાની ગુણવત્તા માપવાના સાધનો લગાવવામાં આવશે, નિરીક્ષણ માટે કેન્દ્રનું પણ નિર્માણ કરાશે

અંકલેશ્વર જીઆઈડીસી કેમીકલ ઝોન હોવાને લઈને અંકલેશ્વર શહેરની હવા પ્રદૂષણની માત્રામાં વધારો થાય છે. દિવસે દિવસે હવાની ગુણવત્તા બગડી રહી છે ત્યારે તેમાં સુધારો કરવા માટે ૧૦ કરોડના ખર્ચે ગ્રીન અંકલેશ્વર પ્રોજેકટ અમલી બનાવવામાં આવશે. જેમાં એર મોનીટરીગ સ્ટેશન, પ્લાન્ટેશન, પેવિંગ બ્લોક, વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ, પ્લાસ્ટિકમાંથી દાણા બનાવવાનો પ્લાન્ટ, રોડ સ્વીપર મશીન, માઉટેન સ્પ્રિક્લ મશીન વ્હીકલ, વેક્યુમ સકશન મશીન વ્હીકલ, ઓટોમેટિક કાર પાર્કિંગ સહિતના કામો કરવામાં આવશે. અંકલેશ્વરમાં હવાની શુધ્ધતા દર્શાવતો સૂચકાંક સરેરાશ ૧૫૦ જેટલો રહે છે. આ પ્રોજેકટ અંતર્ગત હવાની ગુણવત્તા માપવા માટેના સાધનો પણ મુકવામાં આવશે. નગરપાલિકાની બુધવારના રોજ મળેલી સામાન્ય સભામાં વિપક્ષના વિરોધ વચ્ચે ૪૦ કામને -સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતાં.

મૂળભૂત રીતે દરેક હવા ગુણવત્તા મોનિટર માં એક સેન્સર હોય છે જે મુખ્યત્વે ઓઝોન, પાર્ટિક્યુલેટ મેટર, કાર્બન મોનોક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રસ ઓક્સાઈડ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ઉપકરણ આસપાસની હવા શોષી લે છે અને તેને સેન્સર્સ દ્વારા પસાર થવા દે છે અને પછી સેન્સર્સ લેસર બીમ દ્વારા હવાની ગુણવત્તા માપવામાં આવે છે.






Govt. Approved
PERFECT SCALE
SINCE - 1988
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in


# પાનોલીની SML લિમિટેડ કંપની દ્વારા ઉમરવાડા ખાતે કાર્યરત Prolife Foundationમાં તાલીમ લેતી મહિલાઓને સીવણ મશીનોનું વિતરણ



## ઉમરવાડા ગામમાં મહિલા સશક્તિકરણનો ઉમદા ઉપક્રમ

અંકલેશ્વર તાલુકાના ઉમરવાડા ગામમાં આવેલી Prolife Foundationમાં તાલીમ લેતી મહિલાઓ માટે પાનોલી GIDCની SML લિમિટેડ કંપની દ્વારા સીવણ મશીનો આપવામાં આવ્યા હતા. આ મશીનો મહિલાઓને સીવણકામમાં કુશળ બનાવવા અને તેમને આત્મનિર્ભરતા તરફ દોરી જવા માટે સહાયરૂપ થશે. Prolife Foundationમાં તાલીમ માટે આપવામાં આવેલી આ મશીનો મહિલાઓ માટે રોજગારીના નવા માર્ગો ખોલશે.

આ સકારાત્મક પ્રયાસ પાછળ SML કંપનીનો આર્થિક સહયોગ અને જીતેન્દ્રસિંહ સોલંકી, વસ્તુપાલ શાહ અને વિનોદ પટેલના પ્રયત્નો નોંધપાત્ર રહ્યા હતા.

આ પ્રસંગે કંપનીના પ્રતિનિધિઓએ જણાવ્યું કે, “ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ માટે તાલીમના આવા કાર્યક્રમો તેમને સ્વાવલંબન તરફ દોરી જાય છે અને તેમના પરિવારોની આર્થિક સ્થિતિ સુધારવામાં મદદરૂપ બને છે.”

સ્થાનિક મહિલાઓ અને ગ્રામજનો દ્વારા આ ઉપક્રમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને કંપની સહિત સહયોગી વ્યક્તિઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આવા પ્રયાસો સમાજમાં મહિલાઓને સશક્ત બનાવે છે અને ગામસ્તરે રોજગારીના અવસર સર્જે છે.


# દવાઓ અને કોસ્મેટિકની ગુણવત્તા જળવાઈ રહે તે માટે સરકાર નવો કાયદો લાવવાની તૈયારી કરી રહી છે

તાજેતરમાં મધ્યપ્રદેશ અને રાજસરહાનમાં કફસિરપને લઈને બાળકોના મૃત્યુ થતા સરકાર સફાળી જાગી છે. મેડિકલ પ્રોડક્ટની ગુણવત્તા અને સલામતીના માપદંડોના કડક અમલીકરણ માટે ઉઠી રહેલી માગણીઓને પગલે કેન્દ્ર સરકાર દવાઓની ગુણવત્તા ટેસ્ટિંગ, તબીબી ઉપકરણો અને કોસ્મેટિકસની ગુણવત્તાના નિયમન માટે કાયદાના માળખાને સુદ્રઢ કરવા માટેકાયદો ઘડવા જઈ રહી છે. વિશ્વ આરોગ્ય સંગઠન સહિતના વૈશ્વિક દવા નિયમનકર્તાઓએ ભારતના દવા ઉત્પાદકો દ્વારા ગુણવત્તાની પુરતી તકેદારી ના રખાતી હોવાને મુદ્દે ચિંતાઓ જાહેર કરી હોવાને કારણે દવા અને કોસ્મેટિક નિયમન માટે કાયદો ઘડી કાઢવા નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકાર ‘ડ્રગ, મેડિકલ ડિવાઈસીઝ એન્ડ કોસ્મેટિક એક્ટ ૨૦૨૫‘ને સંસદના આવનારા શિયાળુ સત્રમાં મંજૂરી માટે રજૂ કરશે. તારીખ ૧૪ મી ઓક્ટોમ્બરે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે.પી.નડ્ડાના અધ્યક્ષપદે મળેલી મંત્રાલયની મળેલી બેઠકમાં ડીસીજીઆઈ ડો.રાજીવ રઘુવંશીએ મુસદ્દો સોંપ્યો હતો. બેઠકમાં ડીસીજીઆઈ તેમ જ સીડીએસસીઓના અધિકારીઓએ સુચિત વિધેયકની રૂપરેખા સમજાવી હતી. મધ્યપ્રદેશમાં કફ સિરપને કારણે સંખ્યાબંધ બાળકોના મૃત્યુ થયા પછી આ બેઠક યોજાઈ હતી. ખરડો સંસદમાં પસાર થતાં જ સીડીએસસીઓ સત્તાવાળાને દેશમાં વપરાતી તેમ જ નિકાસથતી દવાઓ, તબીબી ઉપકરણો અને કોસ્મેટિકની ગુણવત્તાના કડક નિયંત્રણ માટે સત્તાઓ મળી જશે. મુસદ્દો લાયસન્સ પ્રક્રિયાના ડિજિટાઈઝેશન, રાજ્ય કક્ષાએ નિયમનકર્તાઓમાં સંકલન વધારવાની તેમ જ ટેસ્ટિંગ લેબની ક્ષમતા વધારવાની પણધ્યેય ધરાવે છે.

નવો કાયદો ૧૯૪૦ના ડ્રગ એન્ડ કોસ્મેટિક્સ એક્ટનું સ્થાન લેશે. આંતરરાષ્ટ્રીય માપદંડોને ધ્યાને રાખીને કાયદો ઘડવામાં આવ્યો છે. દવા ઉત્પાદનથી માંડીને વેચાણ સુધીના તમામ સ્તરે પારદર્શકતા અને જવાબદેહતા સુનિશ્ચીત કરવા માટે નવો કાયદો ઘડાઈ રહ્યો છે. સીડીએસસીઓના વર્ષ ૨૦૨૩-૨૪ના અહેવાલ મુજબ ટેસ્ટ થયેલા ૫૫૦૦ નમૂના પૈકી ૩.૨ ટકા નમૂનાની ગુણવત્તા ઓછી હતી કે દવા નકલી હતી. વીતેલા બે વર્ષમાં દવાઓની ૪૦ કંપનીઓ સામે પગલાં લેવામાં આવ્યા છે.


SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER

Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work, Boiler Refractory Work
THERMAX (Vender)
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com


માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002

